# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 26-01-2026 Day: Monday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## 77માં પ્રજા સત્તાક પર્વની રાષ્ટ્ર,રાજ્ય,જિલ્લા કક્ષાની ઉજવણી:

દેશ આજે તેનો 77મો પ્રજાસત્તાક દિવસ ઉજવી રહ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ નવી દિલ્હીમાં કર્તવ્ય પથ પરથી આ દિવસની ઉજવણીમાં દેશનું નેતૃત્વ કરશે. પ્રજાસત્તાક દિવસની પરેડ સવારે 10:30 વાગ્યે શરૂ થશે.જેમાં દેશની સાંસ્કૃતિક,વિવિધતા અને સૈન્ય શક્તિનો અનોખો સંગમ પ્રદર્શિત થશે. આ વર્ષે પરેડની થીમ “સ્વતંત્રતાનો મંત્ર વંદે માતરમ્ અને સમૃધ્ધિનો મંત્ર આત્મ નિર્ભર ભારત” છે.પરેડની શરૂઆત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા રાષ્ટ્રીય યુધ્ધ સ્મારક પર પુષ્પાંજલિ અર્પણ કરીને થશે.

રાજ્યની 77મા પ્રજાસત્તાક પર્વની રાજ્યકક્ષાની ઉજવણી આજે નવરચિત વાવ-થરાદ જિલ્લામાં થશે. રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં મલુપુર ખાતે આજે સવારે 9 કલાકે રાષ્ટ્રધ્વજ લહેરાવીને ધ્વજવંદન કરાવશે તેમજ પરેડ માર્ચ પાસ્ટની સલામી ઝીલશે. રાજ્યકક્ષાની ઉજવણી અવસરે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો તથા પોલીસ દળ દ્વારા વિવિધ નિદર્શનો પણ પ્રસ્તુત કરાશે.

આજે પ્રજાસત્તાક પર્વની કચ્છની જિલ્લાકક્ષાની ઉજવણી રાજ્યકક્ષાના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા પ્રભારી મંત્રી કાંતિલાલ અમૃતિયાની ઉપસ્થિતિમાં ભુજના પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કરવામાં આવશે.

ધ્વજવંદન, પરેડ નિરીક્ષણ, માર્ચ પાસ્ટ અને ટેબ્લો નિરીક્ષણ, મહાનુભાવનું ઉદ્બોધન, વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, અધિકારીઓ અને કર્મચારીઓનું સન્માન અને વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમો આયોજનબદ્ધ રીતે યોજાશે.જેમાં સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ રજુ કરવામાં આવશે.

---

## રાષ્ટ્રપતિનું રાષ્ટ્રજોગ સંબોધન:

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ કહ્યું, દેશના આર્થિક ભાગ્યને આકાર આપવાની યાત્રામાં, આત્મનિર્ભરતા અને સ્વદેશી માર્ગદર્શક સિદ્ધાંતો છે. તેમણે દેશને ઉર્જા આપવા અને વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ બનાવવા બદલ ભારતના યુવા ઉદ્યોગસાહસિકો, રમતવીરો, વૈજ્ઞાનિકો અને વ્યાવસાયિકોની પ્રશંસા કરી. સુશ્રી મુર્મુએ 77મા પ્રજાસત્તાક દિવસની પૂર્વસંધ્યાએ દેશને સંબોધિત કરતી વખતે આ મુજબ જણાવ્યું હતું. મતદાનમાં મહિલાઓની ભાગીદારી અંગે પણ વાત કરી.

રાષ્ટ્રપતિએ પોતાના સંબોધનમાં એ પણ નોંધ્યું કે વૈશ્વિક અનિશ્ચિતતાઓ છતાં, ભારત સતત આર્થિક વિકાસ નોંધાવી રહ્યું છે. તેમણે ભાર મૂક્યો કે દેશ વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે. GST તર્કસંગત બનાવવાના સરકારના નિર્ણય પર પ્રકાશ પાડતા, રાષ્ટ્રપતિ મુર્મુએ કહ્યું કે આ નિર્ણય દેશની અર્થવ્યવસ્થાને વધુ મજબૂત બનાવશે. રાષ્ટ્રપતિએ એ પણ નોંધ્યું કે તાજેતરના શ્રમ સુધારાઓ કામદારોને લાભ આપશે અને ઉદ્યોગોના વિકાસને પણ વેગ આપશે. તેમણે ખેડૂતોને અર્થવ્યવસ્થાના મેરુદંડ ગણાવ્યા.

---

## પદ્મ પુરસ્કારો:

કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા ગણતંત્ર દિવસની પૂર્વ સંધ્યાએ પદ્મ પુરસ્કાર 2026ની જાહેરાત કરવામાં આવી છે. દેશનાના સૌથી પ્રતિષ્ઠિત નાગરિક સન્માનમાં સામેલ પદ્મ પુરસ્કાર માટે કળા, સાહિત્ય, ચિકિત્સા, વિજ્ઞાન, ખેલ, સામાજિક સેવા અને સાર્વજનિક જીવન સહિત વિભિન્ન ક્ષેત્રમાં સમાજ ઉપર સ્થાયી પ્રભાવ છોડનારી વ્યક્તિઓને સામેલ કરવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ દ્વારા કુલ 131 પદ્મ પુરસ્કારને મંજૂરી આપવામાં આવી છે, જેમાં ધમેન્દ્ર દેઓલને પદ્મવિભૂષણ (મરણોપરાંત), અલ્કા યાજ્ઞિકને પદ્મભૂષણ, શિબુ સોરેનને પદ્મભૂષણ (મરણોપરાંત), રોહિત શર્મા અને હરમનપ્રીત કૌરને પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો છે. ગુજરાતની કુલ પાંચ

પ્રતિભાને પદ્મશ્રી એનાયત થયો છે, જેમાં અરવિંદ વૈદ્ય (કળા), ધાર્મિકલાલ ચૂનીલાલ પંડયા (કળા), હાજીભાઈ કાસમભાઈ (કળા), નીલેશ મંડલેવાલા (સોશિયલ વર્ક) અને રતિલાલ બોરીસાગર સામેલ છે. આ વખતે પદ્મવિભૂષણ માટે 5, પદ્મભૂષણ માટે 13 અને પદ્મશ્રી માટે 113 લોકોને પસંદ કરવામાં આવ્યા છે, જેમાં દેશ વિદેશના સન્મામિત લોકો સામેલ છે.

---

## PM મન કી બાત:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ દેશવાસીઓને, ખાસ કરીને ઉદ્યોગ અને સ્ટાર્ટ-અપ્સ સાથે સંકળાયેલા યુવાનોને ગુણવત્તા પર ભાર મૂકવા અપીલ કરી છે. આજે આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં પોતાના વિચારો શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે, ભારતનું અર્થતંત્ર ઝડપથી પ્રગતિ કરી રહ્યું છે અને વિશ્વ ભારત પર નજર રાખી રહ્યું છે.

રાષ્ટ્ર આજે પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરશે, શ્રી મોદીએ કહ્યું કે, બંધારણ આ જ દિવસે અમલમાં આવ્યું છે અને તે બંધારણના ઘડવૈયાઓને શ્રદ્ધાંજલિ અર્પે છે. શ્રી મોદીએ ગુજરાતના બેચરાજીમાં ચંદનકી ગામની અનોખી પરંપરાનો ઉલ્લેખ કર્યો.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, આવતા મહિને યોજાનારી ઇન્ડિયા એઆઈ ઇમ્પેક્ટ સમિટ એઆઈની દુનિયામાં ભારતની પ્રગતિ અને સિદ્ધિઓને ઉજાગર કરશે.

---

## ધોરડો-ખાદીનો વિશ્વનો સૌથી મોટો તિરંગો:

આજે 77માં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે જિલ્લાના ધોરડો વિસ્તારમાં કચ્છના રણમાં એક ઐતિહાસિક અને રાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જ્યાં ખાદીમાંથી બનાવેલ વિશ્વનો સૌથી મોટો રાષ્ટ્રધ્વજ (ત્રિરંગો) સંપૂર્ણ આદર અને ઉત્સાહ સાથે પ્રદર્શિત કરવામાં આવશે. વધુમાં, ગ્રામોદ્યોગ વિકાસ યોજના હેઠળ ગુજરાતના કારીગરોને મશીનો અને ટૂલકિટનું વિતરણ કરવામાં આવશે.

---

## ક્રિકેટ:

ભારતે ન્યૂઝીલેન્ડને ત્રીજી ટી-20 મેચમાં આઠ વિકેટે હરાવી વિજયની હેટ્રિક નોંધાવવાની સાથે પાંચ મેચની શ્રેણી જીતી લીધી છે.

---